# અરવલ્લી જિલ્લાના પ્રથમ પ્રમુખ નેહાબેન પટેલ

## ભાજપા અને કોંગ્રેસના કુલ ૨૨ સભ્યોમાંથી ૧૪ વોટ નેહાબેન પટેલના ફાળે

(સમીર બલોચ /જીતેન્દ્ર પટેલ ધ્વારા) મોડાસા. તા. ૩

સાબરકાંઠા જિલ્લામાંથી અરવલ્લી જીલ્લો છુટો પડયા બાદ તા. ૨૩ના રોજ અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ માટેનુ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ હતુ. જેમાં ગઈકાલે જિલ્લા પંચાયત ખાતે ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં કોગ્રેસમાં મંજુલાબેન પાંડોર અને ઉપપ્રમુખ તરીકે અરૂણ પટેલે ફોર્મ ભર્યુ હતુ. જયારે ભાજપામાંથી પ્રમુખ તરીકે નેહાબેન પટેલ અને ઉપપ્રમુખ તરીકે હિરાજી ડામોરનુ ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યુ હતુ.

જે અંગે ની આજે સવારે મોડાસા તાલુકા પંચાયત ખાતે સવારે ૧૧ વાગે પોલીસના કડક બંદોબસ્ત વચ્ચે જિલ્લા કલેકટર બી. જે. ભટ્ટ અને નાયબ ડી. ડી. ઓ.ના અધ્યક્ષ સ્થાને ચુટણી પ્રકીયા યોજાઈ હતી. જેમાં ભાજપાના પ્રમુખપદના દાવેદાર નેહાબેન પટેલના સર્મથનમાં ભાજપાના ૧૪ સભ્યોએ હાથ ઉચો કરી નેહાબેન તરફી મત આપ્યો હતો. જયારે કોગ્રેસના મંજુલાબેન પાંડોરની તરફેણમાં કોગ્રેસના ૮ સભ્યોએ હાથ ઉચો કરી પોતાનો મત આપ્યો હતો ત્યારે આ પ્રકીયા બાદ કલેકટર ધ્વારા ભાજપાના નેહાબેન પટેલને ૬ મતથી વિજેતા જાહેર કરી અરવલ્લી જિલ્લાના પ્રથમ મહિલા પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ઉપ પ્રમુખની ચુટણી માટેની પ્રકીયા યોજાઈ હતી. જેમાં ભાજપાના હિરાજી ડામોર નો વિજય થયો હતો.

અરવલ્લી જિલ્લાના પ્રથમ મહિલા પ્રમુખ બન્યા બાદ નેહાબેન પટેલ પ્રથમ વખત પત્રકાર સાથેના ઈન્ટરવ્યુમાં પોતાના પક્ષનો અને સદસ્યનો આભાર માન્યો હતો અને ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિકાસની નેમને આગળ ધપાવવાની બાંહેધરી આપી હતી અને અરવલ્લી જિલ્લાને વિકાસ તરફી આગળવધાવાની



ખાત્રી આપી હતી. ત્યારબાદ બહાર આવી પોતાના સર્મથકો નુ અભીવાદન જીલ્યુ હતુઅને ભારત માતા કી જય અને વંદે માતરમના સુત્રોચ્ચાર કર્યો હતો જયારે તેમના સમર્થકો ધ્વારા ફુલહાર પહેરાવી અને ફટાકડા ફોડી તેમના વિજય ને વધાવી લીધો હતો.

# સમગ્ર મોડાસા શહેર ઈદેમીલાદના તહેવાર નિમિત્તે રોશનીથી ઝળહળી ઉઠ્યું

(સમીર બલોચ /જીતેન્દ્ર પટેલ ધ્વારા) મોડાસા, તા. ૩

ઈસ્લામ ધર્મના સ્થાપક અને પ્રેમ શાંતી એકતા ભાઈચારાના સંદેશાવાહક અને ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મહોમ્મદ પયગંમબર સાહેબના જન્મ દિવસને સમગ્ર દુનિયામાં ધામધુમથી ઉજવવામાં આવે છે ત્યારે આ ઉજવણીમાં મોડાસા શહેરમાં પણ ધામધુમથી કરવામાં આવી હતી. ઈદે મિલાદના પવિત્ર તહેવાર નિમિત્તે સમગ્ર મોડાસા શહેર રોશનીથી ઝળહળી ઉઠયુ હતુ. છેલ્લા ૧૦ દિવસ થી સમગ્ર મોડાસા શહેરમાં મકાનો મસ્જીદો અને સમગ્ર મોડાસા શહેરને લોકો દ્વારા લાઈટની રોશનીથી શણગારી દેવામાં આવ્યુ હતુ. કુરાને શરીફની તીલાવત તકરીર અને નાત શરીફથી મસ્જીદો ગુંજી ઉઠી હતી ત્યારે લોક આ તહેવાર નિમીત્તે ઈબાદતમાં મશગુલ બન્યા હતા.





જયારે આ પ્રસંગ નિમિત્તે સમગ્ર મોડાસા શહેરમાં મકકા મદીના અને અજમેરની દરગાહ શરીફની આબેહુબ કલાકૃતીઓ મુકવામાં આવી હતી. આ કલાકૃતીઓને નિહાળવા સમગ્ર મોડાસા શહેરમાં આસપાસના વિસ્તારમાંથી લોકોનો ટોળે ટોળા મટી પડયા હતા.



## ભારતના સૌ પ્રથમ ડિઝીટલ વિલેજનું લાકાપર્ણ

ભારતનું સૌપ્રથમ ડિઝીટલ વિલેજ તરીકે સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાનું આકોદરા ગામને ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રમોદીના વરદ હસ્તે મુંબઈ ખાતેથી લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. આઈ.સી.આઈ.સી.ગ્રૃપ દ્વારા મુંબઈ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં કેન્દ્રીય નાણામંત્રીશ્રી અરૂણ જેટલી, મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડન્વીસ તથા મહારાષ્ટ્રના રાજયપાલશ્રી સી.વિધાસાગર રાવ તથા વિશેષમાં સાબરકાંઠા જીલ્લાના જીલ્લા વિકાસ અધિકારી શ્રી નાગરાજન ગામના સરપંચ, શાળાના આચાર્ય સહિત પણ આમંત્રિત મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. (તસ્વીર :- મગનજીત વણઝારા)

# કરોલ આયુર્વેદિક દવાખાનામાં ચોરોનો હાથ ફેરો

પ્રાંતિજ તા.૩

પ્રાંતિજ તાલુકાના કરોલ ખાતે આયુર્વેદીક દવાખાનામાં રાત્રિના સમયે ઘુસી દવાખાનાના તાળા તોડયા હતા અને અંદાજે ૬ હજાર ની કિંમતની ચીજ વસ્તુઓની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

પ્રાંતિજ પોલીસ પાસેથી મળેલી માહિતી કરોલ ખાતે આયુર્વેદીક દવાખાનું આવેલ છે. જયાં ડાૅકટર તરીકે કલ્પેશ કુમાર જોષી સેવાઓ આપે છે. દરમિયાન ગતરોજ કલ્પેશભાઈ નિયત સમય મુજબ દવાખાનું બંધ કરીને ગયા હતા. દરમિયાન કેટલાક તસ્કરો એ આયુર્વેદિક દવાખાનાને નિશાન બનાવ્યુ હતુ અને તેના તાળા તોડી અંદર પ્રદેશ કર્યો હતો અને અંદર રહેલ કમ્પ્યુટરની તેમજ અન્ય ચીજ વસ્તુઓની કરી કુલ રૂ.૬૦૦૦ નો મુદ્દામાલ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. બીજા દિવસે સવારે ડાૅ.કલ્પેશજોષી દવાખાને આવીને જોતા દરવાજાના તાળા તૂટેલા નજરે પડયા હતા. અને આસપાસમાં બૂમાબૂમ કરતા રહીશો દોડી આવ્યા હતા. ચોરી અંગે પોલીસને જાણ કરતા પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી અને તપાસ હાથધરી આ ચોરી અંગે ડાૅ.કલ્પેશે પ્રાંતિજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.



શ્રી મારૂતિ જનસેવા પરિવાર ટ્રસ્ટ અને વડાગામ ગ્રામજનો દ્વારા વડાગામ સ્થિત કચ્છ કડવા પાટીદાર કેશર શ્યામ સમાજવાડી ખાતે છોટે મોરારી બાપુની રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. વડાગામમાં ૧ થી ૯ જાન્યુઆરી દરમિયાન યોજાનારી રામકથાનો આરંભ કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા રામ કથાને સાંભળવા ઉમટી પડી હતી. આ કથામાં મહંત સીતારામજી, મહંત કનુભાઈ, મુખ્ય યજમાન કમલેશભાઈ પટેલ, વડાગામ સરપંચ સમાજના પ્રમુખ જગદીશભાઈ પટેલ, રજનીભાઈ પટેલ, લાલુભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કથાની પૂર્ણાહૂતિ ૯મી જાન્યુઆરીના રોજ કરવામાં આવશે. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

## પ્રાંતિજમાં કુટુંબ કલ્યાણ કેમ્પ યોજાયો

રાષ્ટ્રીય કુંટુંબ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત પ્રાંતિજ શહેરના નવનિર્મિત સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કુટુંબ કલ્યાણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાંતિજ સામુહિક કેન્દ્રમાં આયોજીત આ કેમ્પમાં લાભાર્થી મહિલાઓના લેપરોસ્કોપી અને ટી.એલ.ઓપરેશન કરવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં સ્થાનિકોએ ભાગ લીધો હતલ. આ કેમ્પને સફળ બનાવવા માટે સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડાૅ.જીનેશ રાઠોડ, ડી.કે. જોગીયા, ડાૅ.જે.કે.પ્રણામી, ડાૅ.કર્દપ ઠક્કર તેમજ આરોગ્ય કર્મચારીઓ ભારે જહેમત ઉઠાવી હતી અને સફળ બનાવ્યો હતો.

## તલોદની ટ્રિનિટી શાળામાં રમતોત્સવ ઉજવાયો

તલોદ, તા. ૩

તલોદની ટ્રિનિટી સ્કૂલમાં આજે રમતોત્સવ યોજાયો હતો. જેમાં શાળાના તમામ વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં ફુગ્ગા ફોડ, મેમરી ગેમ, ઊંધી એકડી, લાંબીકૂદ, કોથળાદોડ, ત્રીપગી દોડ, સ્લો સાયકલીંગ, ઉંધી ચાલ વગેરે રમતો યોજાઈ હતી. રમતોત્સવમાં દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રમતોત્સવમાં ભાગ લેનાર તમામ બાળકોને શાળા સંચાલક મંડળ, આચાર્યા, શિક્ષકો તેમજ શાળા પરિવારજનોએ અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા.

## પાલનપુરના નગરસેવકનું પ્રશંસનીય કદમ

# માં અમૃતમ્ અને માં વાત્સલ્ય યોજનાનો લાભાર્થીના ઘર-ઘર અને જનજન સુધી પહોંચાડવા કટીબદ્ધ

## ૧૦,૦૦૦ ફોર્મ નિઃશુલ્ક વિતરણ કરી લાભાર્થીઓને સહાયભુત થતા નગરસેવક

પાલનપુર, તા. ૩

રાજ્ય અને કેન્દ્રની સરકારો જનહિતૈશી અનેકવિધ યોજનાઓ બનાવે છે. પરંતુ તેની વ્યાપક પ્રસિદ્ધિના અભાવે જરૂરીયાતમંદ લાભાર્થીઓ સુધી તે યોજના પહોંચતી નથી. જોકે, રાજકીય પક્ષના કાર્યકરો પોતાની સરકારની કલ્યાણકારી યોજનાઓને જનજન સુધી પહોંચાડી લાભાર્થીને લાભ મળતો કરી સરકારની કામગીરીનું પણ માર્કેટીંગ કરતા હોય છે. જેમાં ભાજપની સામે કોંગ્રેસના કાર્યકરો ઉણાં ઉતરતા આજે રાજ્ય અને કેન્દ્રમાં ભાજપની સરકાર સત્તાનશીન થયેલી છે. રાજ્યની ભાજપ સરકાર દ્વારા આવી જ એક જન આરોગ્યને લગતી 'માં અમૃતમ્' અને 'માં વાત્સલ્ય' યોજના અમલમાં મુકાઈ છે. ત્યારે તેનો લાભ જરૂરીયાતમંદ લોકો સુધી પહોંચે તે માટે પાલનપુર નગરપાલિકાના એક ભાજપી નગરસેવક કમર કસી રહ્યા છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના વોર્ડ નં. ૮ ની પેટા ચૂંટણીમાં ભાજપના સિમ્બોલ પર ચૂંટાયેલા નગરસેવક ભરતભાઈ બી. ઠાકોર હાલમાં રીક્ષા-ટેક્ષી સ્ટેન્ડ સહીત સ્લમ એરીયામાં ફરતા જોવા મળી રહ્યા છે. તેઓ લોકોને બિમારી ટાણે રૂ. બે લાખની સહાય આપતી 'માં અમૃતમ્' અને 'માં વાસ્તલ્ય' યોજનાથી વાકેફ કરી તેનો લાભ લેવા અનુરોધ કરી રહ્યા છે. આ માટે તેઓ લાભાર્થીઓને નિઃશુલ્ક ફોર્મ વિતરણ કરી રહ્યા છે. અત્યાર સુધી દશેક હજાર જેટલા ફોર્મનું વિનામુલ્યે વિતરણ કરી તેઓ લોકોને પણ એક ફોર્મની દસ ઝેરોક્ષ કરી અન્ય લાભાર્થીઓ સુધી પહોંચાડી જનસેવાના મંત્રને ચરીતાર્થ કરવાનો અનુરોધ કરી રહ્યા છે. જો કે, કેટલાક વક્રદૃષ્ટાઓ આ કવાયતને પોલીટીકલ માઈલેજ મેળવવા માટેની હરકત ગણાવી રહ્યા છે. પરંતુ અત્રે તે વાત ન ભુલવી જોઈએ કે, નગરસેવકની આ કવાયત કદાચ પોલીટીકલ માઈલેજ માટેની હોય તો પણ તેનો લાભ જરૂરીયાતમંદ લાભાર્થીઓ સહીત પાર્ટીને પણ અવશ્ય થશે.

## શિહોરીના બનાસ કોમ્પલેક્ષમાંથી ૧૦ જુગારીયા ઝડપાયા

શિહોરી, તા. ૩

કાંકરેજના મુખ્ય મથક શિહોરીના બનાસ કોમ્પલેક્ષમાં શિહોરી પોલીસે જુગારધામ પર દરોડો પાડી ૧૦ જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર શિહોરી સી.પી.આઈ.ને બનાસ કોમ્પલેક્ષમાં જુગાર ચાલતો હોવાની બાતમી મળતા શિહોરી પી.એસ.આઈ. જે.બી. વનાર અને તેમની ટીમને સાથે રાખી બાતમી સ્થળે દરોડો પાડ્યો હતો. અને પાના-પત્તાનો જુગાર રમતા ૧૦ જુગારીયાઓને જુગાર સહિત અને રોકડ રકમ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. અને તમામ વિરૂદ્ધ શિહોરી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# અરવલ્લી જિલ્લામાં સુસવાટા મારતા પવન સાથે ઠંડીનો ચમકારો

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લામાં પાછળના દસેક દિવસથી વાતાવરણમાં અચાનક બદલાવ આવતાં મોડાસા સહિત અરવલ્લી જિલ્લાના બધાજ વિસ્તારોમાં ઠંડીએ માઝા મુકી છે. અરવલ્લી જિલ્લાના ગામડાઓમાં તો પિયત જમીન હોવાના કારણે તાપમાન ૧૦ ડીગ્રીએ પહોંચતાં ગામડાના લોકો થરથર ધ્રુજી રહ્યા છે. મોડાસા શહેરમાં ભર દિવસે પણ રસ્તાઓ સૂમસામ જોવા મળે છે.

અરવલ્લી જિલ્લામાં છેલ્લા દસેક દિવસથી પડી રહેલી ઠંડીએ હાડ થીજવી નાખ્યા હોય તેમ આજકાલ ઠંડીનો પારો સાવ નીચો ૧૦ ડીગ્રીએ પહોંચતા શિયાળાની ઠંડીનો અહેસાસ મોટા પાયે જોવા મળી રહ્યો હતો. શિયાળાની ઋતુ એટલે મોજ, મસ્તી અને મજા. શિયાળુ વસાણા જેવા કે સાલમપાક, કચરીયુ અને મેથીના લાડવા ખાવાની સીઝન આ બધા ખાદ્ય પદાર્થોના ઉપયોગ કરી મનુષ્યો ઠંડીથી રક્ષણ મેળવવા ઈચ્છે છે. પરંતુ છેલ્લા દસેક દિવસથી પડી રહેલ ઠંડીમાં આવા ગરમ ખાદ્ય પદાર્થો પણ માનવ શરીર પર કોઈ જ અસર કરતા નથી. દિવસ દરમિયાન કામકાજમાં વ્યસ્ત રહેતા લોકો સૂર્યાસ્ત થતા પહેલા પોતાના ઘરોમાં પુરાઈ જવાનુ પસંદ કરતા હોવાથી મોડાસા શહેરના રસ્તાઓ ઉપર જાણે કરફ્યુ હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે.

(તસવીર : જય અમીન, મોડાસા)



ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧